પોલીસ ઇન્સ્પેકટરની કચેરી
નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
ફોનનં-૦૭૯-૨૫૭૧૦૦૭૪E-polstn-narol-ahd @gujarat.gov.in
પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર - ૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# પ્રેસ નોટ

## *** નારોલ પોલીસ સ્ટેશન ***

## નારોલ જેતલપુર ગામ ખાતે બંધ બારણે જુગાર રમતા નવ ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે રૂપિયા-૨,૪૭,૬૫૦/- ના મુદ્દામાલ સાથે જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સયુંકત પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી “કે”” ડીવીઝન અમદાવાદ શહેર શ્રી નાઓએ દિવાળીના તહેવાર નિમીતે પ્રોહી/જુગારની પ્રવૃતિ સદંતર નેસ્તનાબુદ કરવા કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ પોલીસ ઇન્સપેકટર આર.એ.જાદવ તથા તથા મ.સ.ઈ.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા પો.કો.દિલીપસિંહ અમજીભા બ.નં.૫૬૯૬ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહ બ.નં.૮૨૭૬ તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા પો.કો.સહદેવસિંહ દેવેંદ્રસિંહ બ.ન.-૧૩૦૮૪ તથા પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.ન.-૫૯૧૮ તથા લોકરક્ષક મુકેશકુમાર બાલુભાઈ બ.નં.૧૨૧૭૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૭/૧૦ વાગે જેતલપુર ગામ સેંન્ટર પોઇંટ પાસે આવતા સાથેના પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ તથા પો.કો.સહદેવસિંહ દેવેંદ્રસિંહ તથા પો.કો.રામદેવસિંહ જયેન્દ્રસિંહનાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે, "જેતલપુર ગામમાં રહેતા ભગીરથસિંહ બહાદુરસિંહ પરમાર નામનો ઇસમ પોતાના મકાનમાં પહેલા માળે પોતાના આર્થિક ફાયદા સારુ બહારથી કેટલાક માણસો બોલાવી બોમ્બે વરલી મટકાનો કોઈન કાઉન્ટર તથા ગંજીપાના વડે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી-રમાડે છે.અને જે પ્રવૃતિ હાલમાં ચાલુ છે." જે બાતમી હકિકત આધારે ના.પો.કમિશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તરફથી જુગાર કલમ.૬(૧) મુજબનુ વોરંટ મેળવી બાતમી હકિકતવાળી

જગ્યાએ રેઈડ કરતા જુગાર રમતા આરોપીઓ ભગીરથસિંહ બહાદુરસિંહ પરમાર ઉ.વ.૨૪ રહે.નાની ફળી, દરબારગઢ, જેતલપુર ગામ તા.દસ્ક્રોઈ જી.અમદાવાદ + ૮ = ૯ નાઓને જુગાર રમવાના સાધનો મળી આવેલ જેમાં છ (૬) આરોપીઓ રેઈડ દરમ્યાન નાસી ગયેલ હોય અને સદરી પકડાયેલ ઈસમોની અંગઝડતીમાંથી નાણા રૂ.૬૧,૯૦૦/- તથા દાવના નાણા રૂ.૨૬,૭૫૦/- તથા ગંજીપાના નંગ.૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા અલગ અલગ કલરના કાઉન્ટર કોઈન જેની કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઈલફોન નંગ.૦૮ જેની કુલ્લે કિ.રૂ.૩૯૦૦૦/- તથા ટુવ્હીલર મો.સા નંગ.૪ જેની કિ.રૂ.૧,૨૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨,૪૭,૬૫૦/- નો મુદ્દામાલ મળી આવતા પંચો રૂબરૂ તપાસ અર્થે કબ્જે કરી નારોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૧૧૫/૨૦૧૯ ધી જુગાર ધારા કલમ.૪,૫ મુજબનો ગુનો રજીસ્ટર કરી આરોપીઓને તા.૧૩/૧૦/૨૦૧૯ ના ક્લાક.૧૯/૪૫ વાગે પકડી અટક કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.